આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળની સરકારી મેડિકલ/ડેન્ટલ કોલેજો/હોસ્પિટલોમાં ફરજ બજાવતા તબીબી શિક્ષકોને કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમનો લાભ આપવા બાબત.

**ગુજરાત સરકાર**
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃએમસીજી/૧૦૨૦૧૧/એસ.એફ.એસ.૭૭/જ
સચિવાલય,ગાંધીનગર.
તારીખઃ **૨૩.૦૯.૨૦૧૧**

**વંચાણે લીધાઃ-**

(૧) ભારત સરકારનો તા.૩૧.૧૨.૨૦૦૮નો પત્રક્રમાંકઃ૧-૩૨-૨૦૦૬-યુ.૧૧-યુ૧(૧).
(૨) ગુજરાત મેડિકલ ટીચર્સ એસોસિએશનની રજુઆતો.
(૩) કમિશનરશ્રી,આરોગ્ય તબીબી સેવા અને તબીબી શિક્ષણ,ગાંધીનગરની એસ.એફ.એસ.ફાઈલથી થયેલ દરખાસ્ત.

**આમુખઃ-**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળની જાહેર આરોગ્ય અને તબીબી સેવા પ્રભાગના તબીબી અધિકારીઓ અને તજજ્ઞોને ટીકુ કમિશનની ભલામણો અન્વયે ઉચ્ચતર પગારધોરણોનો લાભ મળે છે.રાજયના યુનિવર્સિટી અને તેને સંલગ્ન કોલેજોના અધ્યાપકોને યુનિર્વસિટી ગ્રાન્ટસ કમિશનની ભલામણો અન્વયે ઉચ્ચતર પગાર ધોરણોનો લાભ મળે છે.જયારે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળની સરકારી મેડિકલ/ડેન્ટલ કોલેજો અને તેને સંલગ્ન હોસ્પિટલોમાં ફરજ બજાવતા તબીબી શિક્ષકોને આવા ઉચ્ચતર પગારધોરણો અને કેરિયર એડવાન્સમેન્ટનો લાભ મળતો નથી.આથી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળની વિવિધ સરકારી મેડિકલ/ડેન્ટલ કોલેજો/હોસ્પિટલોમાં તબીબી શિક્ષણ પ્રભાગ હેઠળ ફરજ બજાવતાં ટ્યુટર,આસિસ્ટન્ટ પ્રોફેસર,એસોસિએટ પ્રોફેસર અને પ્રોફેસર કેડરના તબીબોને યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનની ભલામણ મુજબના પગાર ધોરણો તેમજ કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમનો લાભ આપવા માટે ગુજરાત મેડિકલ ટીચર્સ એસોસિએશન તરફથી સરકાર સમક્ષ રજુઆતો કરવામાં આવેલ છે.આ સંદર્ભમાં અન્ય રાજયોમાં તબીબી શિક્ષકોને પગાર સુધારણાના અને કેરિયર એડવાન્સમેન્ટના કેવા લાભો મળે છે તેનો અભ્યાસ કરતા જણાયેલ છે કે ગુજરાત રાજયમાં તબીબી શિક્ષકોના પગારધોરણો સુધારવા પાત્ર છે અને તેમને સમયબધ્ધ ઉપલા પગારધોરણો મળતા રહે તેવી યોજના અમલમાં મુકવી જરૂરી છે.આ સંબંધમાં કમિશનરશ્રી,આરોગ્ય તરફથી દરખાસ્ત કરવામાં આવી હતી,જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

પુખ્ત વિચારણાને અંતે, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળની વિવિધ સરકારી મેડિકલ/ડેન્ટલ કોલેજો/હોસ્પિટલોમાં ફરજ બજાવતાં ટ્યુટર,આસિસ્ટન્ટ પ્રોફેસર,એસોસિએટ પ્રોફેસર અને પ્રોફેસર કેડરના તબીબોને યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનની ભલામણ આધારિત પગાર ધોરણો તેમજ કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમનો લાભ નીચેની શરતોને આધીન આપવાનું આથી સરકાર ઠરાવે છેઃ-

(૧) આ સાથે બિડેલ પરિશિષ્ટ-૧ અને ૨માં દર્શાવ્યા પ્રમાણેના પગાર સુધારણાનો લાભ તા.૦૧.૦૧.૨૦૦૬ની અસરથી મળવાપાત્ર થશે.

(૨) તા.૦૧.૦૧.૨૦૦૬થી આ ઠરાવ બહાર પડયાની તારીખ સુધીમાં નિવૃત થયેલ તબીબી શિક્ષકોને આ પગાર સધારણાનો લાભ મળવાપાત્ર થશે.

(૩) આ પગાર સુધારણાને લીધે મળવાપાત્ર તફાવતની રકમ ત્રણ હપ્તામાં ચુકવવાની રહેશે. તા.૦૧.૦૪.૨૦૧૨ના રોજ પ્રથમ હપ્તાની ૩૫ ટકા રકમ તથા ત્યારપછીના નાણાકીય વર્ષમાં બીજા હપ્તાની ૩૫ ટકા રકમ તથા ત્યારપછીના નાણાકીય વર્ષમાં ત્રીજા હપ્તાની ૩૦ ટકા રકમ ચુકવવાની રહેશે.

(૪) તબીબી શિક્ષકોની ફિકસ પગારની તેમજ કરાર આધારિત જગ્યાઓને આ પગાર સુધારણાનો લાભ આપી શકાશે નહિ.

(૫) તબીબી શિક્ષકોને જે તે કોલેજોમાં મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા/ડેન્ટલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ધારાધોરણો અનુસાર જેટલી જગ્યાઓ મંજુર થયેલ છે તે સહિત સરકારે મંજુર કરેલ તમામ જગ્યાઓને આ પગાર સુધારણાનો લાભ આપવાનો રહેશે.

(૬) તબીબી શિક્ષકોએ રાજય સરકારના સેવા વિષયક નિયમો તેમજ મેડિકલ કાઉન્સિલના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના નિયમોનો ભંગ થયે પગાર સુધારણાનો અને કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમનો લાભ પરત લેવાનો રહેશે.

(૭) રાજયની સરકારી મેડિકલ કોલેજો પોતાની રીતે કોઈપણ જગ્યાઓ ઉભી કરી શકશે નહિ અને કોઈપણ કર્મચારીની ભરતી કરી શકશે નહિ.નવી જગ્યાઓ ઉભી કરવા માટે તેમજ તેની ભરતી માટે રાજય સરકારની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે.આ શરતનો અમલ ન થવાના પ્રસંગે સંબંધિતની જવાબદારી નકકી કરવામાં આવશે.

(૮) રાજયની સરકારી મેડિકલ/ડેન્ટલ કોલેજો અને તેને સંલગ્ન હોસ્પિટલોએ રાજય સરકારની કરકસરની નીતિનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૯) રાજયની સરકારી મેડિકલ/ડેન્ટલ કોલેજો અને તેને સંલગ્ન હોસ્પિટલોના તમામ તબીબી શિક્ષકોનું પે ફિકસેશન આઈએફએમએસ સિસ્ટમ દવારા ફરજિયાતપણે કરવાનું રહેશે.આ માટે સંબંધિત કચેરી દવારા ઈ.ડી.પી.સેલ,હિસાબ અને તિજોરી નિયામક,ગાંધીનગરનો સંપર્ક કરવાનો રહેશે.

(૧૦) રાજયની સરકારી મેડિકલ/ડેન્ટલ કોલેજો અને તેને સંલગ્ન હોસ્પિટલોના તબીબી શિક્ષકોએ હુકમની તારીખથી ત્રણ મહિનાની અંદર લેખિતમાં વિકલ્પ આપવાનો રહેશે.એક વખત આપેલ વિકલ્પ આખરી ગણાશે.નાણા વિભાગના તા.૨૦.૦૩.૨૦૦૯ના ઠરાવ મુજબ બાંહેધરી પત્રક રજુ કરવાનું રહેશે.

(૧૧) રાજય સરકાર/મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા/ડેન્ટલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દવારા વખતોવખત બહાર પાડવામાં આવતાં શૈક્ષણિક લાયકાતની જોગવાઈ/ગુણવતાના માપદંડો/શૈક્ષણિક કામકાજ માટેના દિવસો/ધોરણો/ સુચનાઓ અંગેના ઠરાવો,નિયમોનો અમલ કરવાનો રહેશે.

(૧૨) રાજયની સરકારી મેડિકલ/ડેન્ટલ કોલેજો અને તેને સંલગ્ન હોસ્પિટલોના તબીબી શિક્ષકો માટે વયનિવૃતિની મર્યાદા રાજય સરકારની પ્રર્વતમાન જોગવાઈ મુજબ યથાવત રહેશે.

૨. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સામાન્ય વહિવટ વિભાગની તા.૨૧.૦૯.૨૦૧૧ના રોજ તથા નાણા વિભાગની તા.૨૩.૦૯.૨૦૧૧ના રોજ મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિનેશ પરમાર)
ઉપસચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી,ગુ.રા.,ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
- સર્વે રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
- મુખ્ય સચિવશ્રી,ગુ.રા.,સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી,નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી,ખર્ચ,નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી,આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- સચિવશ્રી,ગુજરાત જાહેર સેવા આયોગ,અમદાવાદ.(પત્ર દવારા)
- રજિસ્ટ્રારશ્રી,ગુજરાત હાઈકોર્ટ,અમદાવાદ.(પત્ર દવારા)
- સચિવશ્રી,તકેદારી આયોગ,ગાંધીનગર.(પત્ર દવારા)
- સચિવશ્રી,ગુજરાત વિધાનસભા સચિવાલય,ગાંધીનગર.(પત્ર દવારા)
- સચિવશ્રી,ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ,ગાંધીનગર.(પત્ર દવારા)
- કમિશનરશ્રી,આરોગ્ય તબીબી સેવા અને તબીબી શિક્ષણ,ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી (તબીબી શિક્ષણ),કમિશનર આરોગ્ય તબીબી સેવા અને તબીબી શિક્ષણની કચેરી,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબ અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.
- પેન્શન નિયામકશ્રી,ગુ.રા.,ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- સર્વે ડીનશ્રીઓ,સરકારી મેડિકલ/ડેન્ટલ કોલેજો,અમદાવાદ/વડોદરા/સુરત/ભાવનગર/રાજકોટ/ જામનગર.
- સર્વે તબીબી અધીક્ષકશ્રીઓ,સરકારી હોસ્પિટલો,અમદાવાદ/વડોદરા/સુરત/ભાવનગર/રાજકોટ/ જામનગર.
- પ્રમુખશ્રી,ગુજરાત મેડિકલ ટીચર્સ એસોસિએશન,અમદાવાદ.
- વિભાગની વ,જ અને સ શાખાઓ.
- સિલેકટ ફાઈલ.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક:એમસીજી/૧૦૨૦૧૧/એસએફએસ.૭૭/જ,તા.૨૩.૦૯.૨૦૧૧ નું સંધાણ:–

## પરિશિષ્ટ–૧

## રાજ્યની સરકારી મેડિકલ કોલેજ/હોસ્પિટલમાં ફરજ બજાવતા તબીબી શિક્ષકોને કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમનો લાભ મળવા અંગેની વિગત દર્શાવતું પત્રક

| ક્રમાંક | જગ્યાનું નામ | પગારસુધારણા–૨૦૦૯ | | યુજીસી સ્કેલ | | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| | | પે–બેન્ડ | ગ્રેડ પે | પે–બેન્ડ | એકેડેમીક ગ્રેડ પે | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ટ્યુટર, વર્ગ–૨ | ૯૩૦૦–૩૪૮૦૦ | ૫૪૦૦ | ૯૩૦૦–૩૪૮૦૦ | ૫૪૦૦ | (૧) તા.૧/૧/૨૦૦૬ના રોજ પ્રિરિવાઈઝ સ્કેલ (રૂા.૮૦૦૦–૧૩૫૦૦)/પે–બેન્ડ રૂા.૯૩૦૦–૩૪૮૦૦ અને રૂા.૫૪૦૦ ગ્રેડ પેમાં ૬ વર્ષ પુર્ણ કરતાં તેઓને પે બેન્ડ રૂા.૧૫૬૦૦–૩૯૧૦૦ અને રૂા.૬૦૦૦ એજીપી મળવાપાત્ર થશે.<br>(૨) પે બેન્ડ રૂા.૧૫૬૦૦–૩૯૧૦૦ અને રૂા.૬૦૦૦ એજીપીમાં ૬ વર્ષની સેવા પૂર્ણ થયેથી એજીપી રૂા.૭૦૦૦ મળવાપાત્ર થશે.<br>(૩) જે ટ્યુટર વર્ગ–૨ એમડી/એમએસ/ડીએનબી/ ડીએમ/એમસીએચ/પીએચડીની ડિગ્રી ધરાવતા હશે તેમજ પે બેન્ડ રૂા.૧૫૬૦૦–૩૯૧૦૦ અને રૂા.૬૦૦૦ એજીપી મેળવતા હશે તેઓને ચાર વર્ષની સેવા પુર્ણ થયેથી એજીપી રૂા.૭૦૦૦ મળવાપાત્ર થશે. |
| ૨ | આસિસ્ટન્ટ પ્રોફેસર | ૧૫૬૦૦–૩૯૧૦૦ | ૬૬૦૦ | ૧૫૬૦૦–૩૯૧૦૦ | ૭૦૦૦ | (૧) તા.૧/૧/૨૦૦૬ના રોજ પ્રિરિવાઈઝ સ્કેલ(રૂા.૧૦૦૦૦–૧૫૨૦૦)/પે બેન્ડ રૂા.૧૫૬૦૦–૩૯૧૦૦ અને રૂા.૭૦૦૦ એજીપી મેળવતા તબીબી શિક્ષકને પાંચ વર્ષની સેવા પુર્ણ થયેથી એજીપી રૂા.૮૦૦૦ મળવાપાત્ર થશે.<br>(૨) પે બેન્ડ રૂા.૧૫૬૦૦–૩૯૧૦૦ અને ગ્રેડ પે રૂા.૮૦૦૦માં ચાર વર્ષ પુર્ણ કરતાં પે બેન્ડ રૂા.૩૭૪૦૦–૬૭૦૦૦/– અને ગ્રેડ પે રૂા.૯૦૦૦ મળવાપાત્ર થશે. |
| ૩ | એસોસિએટ પ્રોફેસર | ૧૫૬૦૦–૩૯૧૦૦ | ૭૬૦૦ | ૩૭૪૦૦–૬૭૦૦૦ | ૯૦૦૦ | (૧) તા.૧/૧/૨૦૦૬ના રોજ પ્રિરિવાઈઝ સ્કેલ(રૂ.૧૨૦૦૦–૧૮૩૦૦)/પે બેન્ડ રૂા.૩૭૪૦૦–૬૭૦૦૦ અને ગ્રેડ પે રૂા.૯૦૦૦માં ચાર વર્ષ પુર્ણ કરતાં પે બેન્ડ રૂા.૩૭૪૦૦–૬૭૦૦૦ અને એજીપી રૂા.૧૦૦૦૦ મળવાપાત્ર થશે. |
| ૪ | પ્રોફેસર | ૩૭૪૦૦–૬૭૦૦૦ | ૮૯૦૦ | ૩૭૪૦૦–૬૭૦૦૦ | ૧૦૦૦૦ | (૧) પ્રોફેસરની કુલ જગ્યાઓની ૧૦ ટકા જગ્યાઓને રૂા.૧૨૦૦૦ એજીપી મળવાપાત્ર થશે.<br>(૨) ઉપરોક્ત (૧)નો લાભ મેળવવા માટે ઓછામાં ઓછી ૧૦ વર્ષની પ્રોફેસરની જગ્યામાં ફરજ બજાવેલી હોવી જોઈશે. |

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃએમસીજી/૧૦૨૦૧૧/એસએફએસ.૭૭/જ,તા.૨૩.૦૯.૨૦૧૧ નું સંધાણઃ–

## પરિશિષ્ટ–૨

## રાજયની સરકારી ડેન્ટલ કોલેજ/હોસ્પિટલમાં ફરજ બજાવતા તબીબી શિક્ષકોને કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમનો લાભ મળવા અંગેની વિગત દર્શાવતું પત્રક

| ક્રમાંક | જગ્યાનું નામ | પગારસુધારણા–૨૦૦૯ | | યુજીસી સ્કેલ | | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| | | પે–બેન્ડ | ગ્રેડ પે | પે–બેન્ડ | એકેડેમીક ગ્રેડ પે | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ટયુટર, વર્ગ–૨ | ૯૩૦૦–૩૪૮૦૦ | ૫૪૦૦ | ૯૩૦૦–૩૪૮૦૦ | ૫૪૦૦ | (૧) તા.૧/૧/૨૦૦૬ના રોજ પ્રિરિવાઈઝ સ્કેલ (રૂા.૮૦૦૦–૧૩૫૦૦)/પે–બેન્ડ રૂા.૯૩૦૦–૩૪૮૦૦ અને રૂા.૫૪૦૦ ગ્રેડ પેમાં ૬ વર્ષ પુર્ણ કરતાં તેઓને પે બેન્ડ રૂા.૧૫૬૦૦–૩૯૧૦૦ અને રૂા.૬૦૦૦ એજીપી મળવાપાત્ર થશે.<br>(૨) પે બેન્ડ રૂા.૧૫૬૦૦–૩૯૧૦૦ અને રૂા.૬૦૦૦ એજીપીમાં ૬ વર્ષની સેવા પૂર્ણ થયેથી એજીપી રૂા.૭૦૦૦ મળવાપાત્ર થશે.<br>(૩) જે ટયુટર વર્ગ–૨ એમડીએસની ડિગ્રી ધરાવતા હશે તેમજ પે બેન્ડ રૂા.૧૫૬૦૦–૩૯૧૦૦ અને રૂા.૬૦૦૦ એજીપી મેળવતા હશે તેઓને ચાર વર્ષની સેવા પુર્ણ થયેથી એજીપી રૂા.૭૦૦૦ મળવાપાત્ર થશે. |
| ૨ | આસિસ્ટન્ટ પ્રોફેસર | ૧૫૬૦૦–૩૯૧૦૦ | ૬૬૦૦ | ૧૫૬૦૦–૩૯૧૦૦ | ૭૦૦૦ | (૧) તા.૧/૧/૨૦૦૬ના રોજ પ્રિરિવાઈઝ સ્કેલ(રૂા.૧૦૦૦૦–૧૫૨૦૦)/પે બેન્ડ રૂા.૧૫૬૦૦–૩૯૧૦૦ અને રૂા.૭૦૦૦ એજીપી મેળવતા તબીબી શિક્ષકને પાંચ વર્ષની સેવા પુર્ણ થયેથી એજીપી રૂા.૮૦૦૦ મળવાપાત્ર થશે.<br>(૨) પે બેન્ડ રૂા.૧૫૬૦૦–૩૯૧૦૦ અને ગ્રેડ પે રૂા.૮૦૦૦માં ચાર વર્ષ પુર્ણ કરતાં પે બેન્ડ રૂા.૩૭૪૦૦–૬૭૦૦૦/– અને ગ્રેડ પે રૂા.૯૦૦૦ મળવાપાત્ર થશે. |
| ૩ | પ્રોફેસર | ૩૭૪૦૦–૬૭૦૦૦ | ૮૯૦૦ | ૩૭૪૦૦–૬૭૦૦૦ | ૧૦૦૦૦ | (૧) પ્રોફેસરની કુલ જગ્યાઓની ૧૦ ટકા જગ્યાઓને રૂા.૧૨૦૦૦ એજીપી મળવાપાત્ર થશે.<br>(૨) ઉપરોકત (૧)નો લાભ મેળવવા માટે ઓછામાં ઓછી ૧૦ વર્ષની પ્રોફેસરની જગ્યામાં ફરજ બજાવેલી હોવી જોઈશે. |